# પરિપત્ર:

**વિષય: તા. 07 થી 15 ઓક્ટોબર, 2025 સુધી "વિકાસ સપ્તાહ-2025" કાર્યક્રમની ઉજવણી કરવા બાબત.**

**સંદર્ભ: રાજ્ય એન.એસ.એસ. અધીકારી, ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી, ગાંધીનગરના પત્ર ક્રમાંક રસય/વિકાસ સપ્તાહ/2025/7978-8477 તા.08/08/2025 મુજબ.**

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન જૂનાગઢ, ગીર સોમનાથ, પોરબંદર તેમજ દેવભૂમિ દ્વારકા જીલ્લાની એન.એસ.એસ. યુનિટ ધરાવતી તમામ કોલેજોનાં આચાર્યશ્રીઓ તથા એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર્સને જણાવવાનું કે, ઉપરોક્ત સંદર્ભે ગુજરાત સરકાર દ્વારા તા. 07 થી 15 ઓક્ટોબર સુધી "વિકાસ સપ્તાહ-2025"ની ઉજવણી કરવામાં આવી રહી છે. જે અન્વયે આ સાથે સામેલ પરીપત્ર મુજબ વિવિધ કાર્યક્રમોના આયોજન કરવાના રહેશે. ઉક્ત કાર્યક્રમમાં એન.એસ.એસ. સ્વયંસેવકો બહોળી સંખ્યામાં ભાગ લે તે અંગે એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર્સએ આવશ્યક કામગીરી કરવાની રહેશે.

આપની કોલેજના એન.એસ.એસ. યુનિટના વધુમાં વધુ સ્વયંસેવકો ભાગ લે તેમજ કામગીરીનો અહેવાલ તથા જીઓ ટેગ ફોટા અત્રેની યુનિવર્સિટીની સાઈટ https://www.bknmu.edu.in પર જઈ Students corner પર ક્લીક કરી NSS પર ક્લીક કરવું. જેમાં IMPORTANT LINKS માં NSS ACTIVITY UPLOAD MODULE પર ક્લીક કરી પોગ્રામ ઓફીસર્સએ પોતાની કોલેજ સીલેક્ટ કરવી અને Secret Key એન્ટર કરવી. આમ અહેવાલ માટેનો મોડ્યુલ ખુલશે. જેમાં કામગીરીનો ડેટા તા. 18/10/2025 સુધીમાં અપલોડ કરવાનો રહેશે.

**બીડાણ: (1) રાજ્ય એન.એસ.એસ. અધીકારી, ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી, ગાંધીનગરના પત્ર ક્રમાંક રસય/વિકાસ સપ્તાહ/2025/7978-8477**

પ્રો. કો-ઓર્ડીનેટરશ્રી
એન.એસ.એસ. વિભાગ
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી
જુનાગઢ

ક્રમાંક/બીકેએનએમયુ/એન.એસ.એસ./98/2025
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,ગવર્મેન્ટ પોલીટેકનીક કેમ્પસ,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ, ખડીયા, જુનાગઢ.
તા. 12/08/2025

પ્રતિ,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન કોલેજો, એન.એસ.એસ. યુનિટ ધરાવતી તમામ કોલેજોના આચાર્યશ્રીઓ તથા એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર્સ તરફ.

નકલ રવાના જાણ અર્થે :

- માન. કુલપતિશ્રી / કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જુનાગઢ.
- રાજ્ય એન.એસ.એસ. અધીકારી, ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી, ગાંધીનગર
- યુવા કાર્યક્રમ અને ખેલ મંત્રાલય, એન.એસ.એસ. ક્ષેત્રીય નિદેશાલય, અમદાવાદ
- આઈ.ટી. સેલ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જુનાગઢ. (પરિપત્ર વેબસાઈટ પર અપલોડ કરવા)

## ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી

એન.એસ.એસ. શાખા, બ્લોક નં.૧૨/૨, બીજો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર, ગુજરાત રાજ્ય.

સત્યમેવ જયતે

જા.ક્ર. :- રસય/વિકાસ સપ્તાહ/૨૦૨૫/૭૯૭૮-૮૪૭૭ તા.૦૬/૦૮/૨૦૨૫

પ્રતિ,

- ✓ રજીસ્ટ્રારશ્રી, સરકારી,અનુદાનિત અને બિન અનુદાનિત યુનીવર્સીટી તમામ,
- ✓ આચાર્યશ્રી, સરકારી,અનુદાનિત અને બિન અનુદાનિત કોલેજ તમામ,
- ✓ જીલ્લા શિક્ષણાધિકારીશ્રી, જીલ્લા શિક્ષણાધિકારીની કચેરી તમામ.

વિષય: ૦૭ **થી ૧૫ ઓક્ટોબર સુધી "વિકાસ સપ્તાહ -૨૦૨૫"** કાર્યક્રમની ઉજવણી કરવા બાબત

સંદર્ભ :- શિક્ષણ વિભાગના તા.૩૦/૦૭/૨૦૨૫ ના ઈ-મેઈલ m

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવામાં આવે છે કે, ગુજરાત સરકાર દ્વારા **તા.૦૭ થી ૧૫ ઓક્ટોબર સુધી "વિકાસ સપ્તાહ -૨૦૨૫"ની** ઉજવણી કરવામાં આવી રહી છે. જે અન્વયે નીચે જણાવેલ વિવિધ કાર્યક્રમો

| **ક્રમ** | **કાર્યક્રમની વિગતો** |
|---|---|
| ૧ | રાજ્યમાં તમામ શાળા/કોલેજોએ સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવું |
| ૨ | પ્રખ્યાત જાહેર સ્થળોની દીવાલો પર ભિંત ચિત્રો બનાવવા |
| 3 | યુવાઓ તેમના વિકાસ પ્રત્યેનો દ્રષ્ટિકોણ વ્યક્ત કરવા હેતુસર પ્રોત્સાહિત થાય તે માટે શાળાઓ અને કોલેજોમાં વિકાસની થીમ ઉપર નિબંધ લેખન, વક્તૃત્વ સ્પર્ધાઓ જેવા કાર્યક્રમો યોજવાના રહેશે.<br><br>સુશાસન વિશે શાળાઓ અને કોલેજોમાં ઇન્ટરેક્ટિવ વર્કશોપ આયોજિત કરી તેમજ ગુજરાતના ભવિષ્યને ઘડવામાં યુવાનોને તેમની ભૂમિકા વિશે ચર્ચા કરવા અને સમજવા માટે પ્રોત્સાહિત કરવાના રહેશે.<br><br>માન. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના વિકાસ માટેના વિઝનને અનુરૂપ હોય તેવા નવા પ્રોજેક્ટ્સ માટે વિચારો રજૂ કરી શકે તેવા ઈનોવેશન ચેલેન્જનું આયોજન પણ કરવાનું રહેશે. |

Scanned with OKEN Scanner

| | |
|---|---|
| | ગુજરાતના આર્થિક અને સામાજિક વિકાસમાં યોગદાન આપનારા સ્ટાર્ટઅપ્સ, નવીન શોધ કરનારા અને ઉદ્યોગસાહસિકોના પ્રદર્શનનું આયોજન હાથ ધરી આ પ્રદર્શનમાં લાઇવ ડેમો, પ્રોટોટાઇપ શોકેસ અને ઉદ્યોગસાહસિકો સાથે નેટવર્કિંગની તકોનું આયોજન કરવાનું રહેશે |
| ૪ | ગુજરાતમાંથી લખપતિ દીદીઓ અને ડ્રોન દીદીઓ તેમજ અન્ય ક્ષેત્રમાં સફળતા મેળવેલ બહેનોને અતિથિ તરીકે બોલાવી શાળા/કોલેજોમાં ખાસ કરીને આદિવાસી વિસ્તારની શાળાઓમાં તેઓના પ્રવચનોનું આયોજન કરવાનું રહેશે તથા શાળાઓમાં ગુજરાતની વિકાસયાત્રાને કેન્દ્રમાં રાખીને ક્વીઝનું આયોજન કરવાનું રહેશે. |

ઉક્ત કાર્યક્રમમાં એન.એસ.એસ. સ્વયં સેવકો બહોળી સખ્યામાં ભાગ લે તે અંગે એન.એસ.એસ.પ્રોગામ ઓફિસરશ્રીઓને આવશ્યક કામગીરી કરવાની રહેશે. તેનું ફોટોગ્રાફ્સ સહિત Documentation કરી સંકલિત માહિતી અત્રેની કચેરીને મોકલી આપવા આજ્ઞાનુસાર વિનંતી છે.

રાજ્ય એન. એસ. એસ. અધિકારી
ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી,
ગુ.રા.,ગાંધીનગર

Scanned with OKEN Scanner